હવામાન

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | ૩૫.૦° સે. | ૨૭.૦° સે. |
| ગાંધીનગર | ૩૫.૦° સે. | ૨૭.૦° સે. |
| ભાવનગર | ૩૫.૦° સે. | ૨૭.૦° સે. |
| રાજકોટ | ૩૪.૦° સે. | ૨૬.૦° સે. |

# ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રમિત્ર

ગુજરાતમિત્ર

અમદાવાદ | બનાસકાંઠા | સાબરકાંઠા | અરવલ્લી | મહેસાણા | પાટણ | ભાવનગર | જૂનાગઢ | પોરબંદર | રાજકોટ | દ્વારકા | સુરેન્દ્રનગર

શુક્રવાર ૧૮ જુલાઈ, ૨૦૨૫


# પાટીદાર યુવતીના આપઘાત મામલે સરદારધામ અને ખોડલધામ ટ્રસ્ટ મેદાનમાં

**મુખ્યમંત્રીને** પત્ર લખી ઘટનામાં સંડોવાયેલા તત્વોને સખત સજા કરવા માગ

સુરત : સુરતના કતારગામ વિસ્તારમાં રહેતી 19 વર્ષીય શિક્ષિકા નેનુ રજનીભાઈ વાવડીયાએ તાજેતરમાં આત્મહત્યા કરી લીધી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, એક સગીર નેનુની વારંવાર છેડતી કરી, માનસિક ત્રાસ અને બ્લેકમેલ કરીને હેરાન કરતો હતો, જેના કારણે તેણે આ અંતિમ પગલું ભર્યું. આ ઘટનાને પગલે પાટીદાર સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સમાજના વિવિધ સંગઠનો અને આગેવાનો દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખીને આ મામલે તાત્કાલિક અને સખત કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી છે. સુરતમાં 19 વર્ષીય શિક્ષિકા નેનુ વાવડીયાના આપઘાત મામલે પાટીદાર સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કતારગામ વિસ્તારમાં એક સગીરની પજવણી, માનસિક ત્રાસ અને બ્લેકમેલથી કંટાળીને નેનુએ આત્મહત્યા કરી હોવાનું સામે આવતાં સમાજના આગેવાનો મેદાને આવ્યા છે. તેમણે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવાની અને મહિલાઓની સલામતી સુનિશ્ચિત કરવાની માગ કરી છે.

### સરદારધામનો પત્ર

અમદાવાદ સ્થિત સરદારધામના પ્રમુખ ગગજી સુતરિયા દ્વારા મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવાયું છે કે, રાજ્ય સરકાર મહિલાઓની સલામતી માટે ખૂબ જ ગંભીરતાથી કામ કરે છે, તેથી આ ઘટનામાં સંડોવાયેલા તત્વોને સખત સજાઓ થાય અને આવું કૃત્ય કરનાર લોકોમાં એક ભય ઊભો કરવો તે ખૂબ જરૂરી છે. આવા તત્વો દ્વારા અવારનવાર અનેક દીકરીઓ સાથે આ પ્રકારની ઘટનાઓ બનતી હોય છે, તેથી સરકારે સખત હાથે કાર્યવાહી કરવી જોઈએ.

### ખોડલધામ ટ્રસ્ટનો પત્ર

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના માનદ મંત્રી જીતુ વસોયા દ્વારા પણ મુખ્યમંત્રીને પત્ર લખવામાં આવ્યો છે. તેમણે 13 જુલાઈના રોજ બનેલી આ ઘટનાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, આરોપી છેલ્લા ઘણા સમયથી મૃતક દીકરીને હેરાન પરેશાન કરતો હતો. જીતુભાઈ વસોયાએ માંગ કરી છે કે, આ ઘટનામાં સંડોવાયેલા શખ્સોને કડકમાં કડક સજા મળે, જેથી આવનારા દિવસોમાં આવું કૃત્ય કરનારાઓમાં ભય ઉભો થાય અને એક કડક કાર્યવાહીનો દાખલો બેસે.

# મુંબઈ સીબીઆઇ અધિકારીના નામે ડિજિટલ એરેસ્ટ કરી 1.36 કરોડની ઠગાઈમાં અમદાવાદની ગેંગ ઝડપાઈ

**અમદાવાદ** ક્રાઈમ બ્રાન્ચએ 6 આરોપીની ધરપકડ કરી

અમદાવાદ : અમદાવાદ શહેરના એક નાગરિકને બોમ્બે સીબીઆઇ અધિકારી તરીકે ઓળખ આપીને છેલ્લા એક મહિનામાં અજાણ્યા મોબાઈલ નંબર ઉપરથી ફોન કરી તામારા ખાતામાં બ્લેક મની હોવાનું કહી ધમકી આપી ડિજિટલ એરેસ્ટ કરીને 1.36 કરોડની છેતરપિંડી કરતી ગેંગના છ સાગરીતોની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરી સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશનર શરદ સિંઘલના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશનર એચ.એસ. માંકડીયાની ટીમે તપાસ હાથ ધરતા અમદાવાદ શહેરના ફરિયાદી નાગરિકને 31 મે થી 6 જૂન 2025 સુધીમાં અજાણ્યા મોબાઈલ નંબર પરથી બોમ્બે સીબીઆઈમાંથી ફોન કરું છું, તેમ કહી સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના સિક્કા સાથે લેટર, જસ્ટિસ ગોગાઈ નામ ધારણ કરનાર તથા સીબીઆઇ ડિપાર્ટમેન્ટનો લેટર તેમજ સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાનો લેટર વગેરે દ્વારા ફરિયાદીને ધરપકડ વોરંટ બતાવી તમારા ખાતામાં બે કરોડ બ્લેક મની છે. તમારી પૂછપરછ કરવી પડશે, તેમ કહી ઓનલાઈન વોટ્સએપ વિડીયોકોલના માધ્યમથી ફરિયાદીને ડિજિટલ એરેસ્ટ કરીને આરટીજીએસ મારફતે 1.36 કરોડ ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરવાના ગુનામાં આરોપી નિશાંત અશોકકુમાર રાઠોડ રહે વસ્ત્રાલ, યસ ઉર્ફે ચુચુ સુરેશભાઈ પટેલ રહે વસ્ત્રાલ ગામ, કુલદીપ જેઠારામ જોશી રહે નરોડા, હિતેશ મફાભાઈ ચૌધરી રહે નરોડા, સિધ્ધરાજ રાણજી ચૌહાણ રહે નરોડા અને જગદીશ જીવાભાઈ ચૌધરી રહે ધાખા, બનાસકાંઠાની ધરપકડ કરી તેઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# જામકંડોરણાના પાદરિયા ગામમાં તળાવમાં ડૂબી જતાં 3 બાળકનાં મોત

**તરવૈયાઓએ** બે સગા ભાઈ સહિત ત્રણેય મૃતદેહ બહાર કાઢ્યા



રાજકોટ : રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના પાદરિયા ગામે તળાવમાં ડૂબી જવાથી 3 બાળકનાં મોત નીપજ્યાં છે. ખેતમજૂરી કરતા શ્રમિક પરિવારનાં બાળકો તળાવમાં નાહવા પડ્યાં હતાં અને અચાનક ડૂબી જવાથી તેમનાં મોત નીપજ્યાં છે. હાલ ત્રણેય બાળકોના મૃતદેહોને પાણીમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવા તજવીજ હાથ ધરી છે.

તળાવમાં ડૂબી જવાથી ભાવેશ ડાંગી (ઉં.વ.6), હિતેશ ડાંગી (ઉં.વ.8) અને નિતેશ માવી (ઉં.વ.7)નો સમાવેશ થાય છે, જેમાંથી ભાવેશ ડાંગી અને હિતેશ ડાંગી બંને સાગા ભાઈઓ હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ જિલ્લાના જામકંડોરણાના પાદરિયા ગામે તળાવમાં ત્રણ બાળક ડૂબ્યાં હોવાની ઘટના સામે આવી છે. આજે સવારના સમયે ત્રણેય બાળકો તળાવમાં નાહવા માટે ગયાં હતાં અને તેઓ ડૂબી ગયાં હોવાની જાણ થતાં ગામના સરપંચ અને સ્થાનિક તરવૈયા દ્વારા તેમના મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. એ બાદ તપાસ કરતાં આ ત્રણેય બાળક ખેતમજૂરી કરતા શ્રમિક પરિવારનાં હોવાની માહિતી સામે આવી છે અને હાલ તેમના મૃતદેહોને જામકંડોરણા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મામલતદાર, પોલીસ સહિત ટીમ ઘટનાસ્થળે પહોંચીને ત્રણેયના મૃતદેહોને હોસ્પિટલ ખસેડી પોસ્ટમોર્ટમ કરાવવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ખેતમજૂર પરિવારનાં બાળકોનાં મોત થતાં પરિવારમાં શોક છવાયો છે.

# અરેઠ-બૌધાન-ઘલા રોડના 42 વર્ષ જૂના બ્રિજ પર ભારે વાહનો પર પ્રતિબંધ

**10 ઓગસ્ટ** 2025 સુધી અહિંથી ભારે વાહનોની અવરજવર

સુરતઃ સુરત જિલ્લાના અરેઠ-બૌધાન-ઘલા રોડ પર આવેલા 42 વર્ષ જૂના મેજર બ્રિજની હાલત જોખમભરી જણાતાં, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિજય રબારીએ આ બ્રિજ પર ભારે વાહનોના અવરજવર પર તાત્કાલિક પ્રતિબંધ મૂક્યો છે. બ્રિજની તાકાત અને સુરક્ષાને ધ્યાનમાં રાખી ટ્રાફિક ડાયવર્ઝન અંગે વિશિષ્ટ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જાહેરનામા અનુસાર 10 ઓગસ્ટ 2025 સુધી અહિંથી ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ રહેશે અને પરિપ્રેક્ષ્યમાં નવા વૈકલ્પિક રૂટ અમલમાં મૂકાયા છે. જાહેરનામું ઉલ્લંઘન કરનારાઓ સામે કાયદેસર પગલાં લેવામાં આવશે. અહેવાલ અનુસાર બ્રિજનું ઉંમર અને માળખાકીય સ્થિતિ ભારે વાહનો માટે અનુકૂળ ન હોવાને કારણે આ પ્રતિબંધ ફરજિયાત બન્યો છે.

### વૈકલ્પિક માર્ગ વ્યવસ્થા મુજબ ટ્રાફિક દિશા આ મુજબ રહેશેઃ

1. અરેઠ (માંડવી)થી કીમ થઈ સુરત જવા માટેઃ
અરેઠ(માંડવી) , તડકેશ્વર , કીમ ચાર રસ્તા (NHAI) , કામરેજ ચાર રસ્તા , સુરત
2. અરેઠ (માંડવી)થી કામરેજ થઈ સુરત જવા માટેઃ
અરેઠ(માંડવી) , બૌધાન , શામપુરા , દિગસ , કામરેજ ચાર રસ્તા , ઘલા રોડ (NHAI જંક્શન)
3. બૌધાનથી ઘલા જવા/આવવા માટેઃ
બૌધાન , શામપુરા , દિગસ , કામરેજ ચાર રસ્તા , ઘલા રોડ (NHAI જંક્શન)
4. ઘલાથી માંડવી-કીમ ચાર રસ્તા થઈને જવા માટેઃ
ઘલા રોડ , NHAI જંક્શન , કીમ ચાર રસ્તા , તડકેશ્વર , માંડવી

### ટ્રાફિક વિભાગ અને લોકલ વહીવટી તંત્ર સજાગ

અધિકારીઓ દ્વારા માહિતી આપવામાં આવી છે કે વાહનચાલકો અને પરિવહન સંસ્થાઓએ નક્કી કરાયેલા રૂટનું પાલન કરવું જરૂરી છે. સ્થળ પર ચિહ્નો તથા ટ્રાફિક નિયંત્રણ માટે પોલીસ અને માર્ગ વિભાગ સક્રિય રહેશે.

# ધારી તાલુકામાં જંગલી ભૂંડો મગફળીના ઉભા પાકનો ખાત્મો બોલાવી રહ્યાં છે



**નુકસાન** થતાં ખેડૂતોએ વીડિયો ફરતો કરી સરકાર પાસે સહાયની માંગ કરી

રાજકોટ : અમરેલી જિલ્લાના ધારી તાલુકાના રામપરા ગામમાં જંગલી ભૂંડ અને નીલગાયના ત્રાસથી ખેડૂતો પરેશાન છે. ચોમાસા દરમિયાન ખેડૂતોએ મોટા પ્રમાણમાં મગફળીનું વાવેતર કર્યું છે. જંગલી ભૂંડ જમીનમાંથી મગફળીના દાણા ખોદીને ખાય છે અને છોડને નુકસાન પહોંચાડે છે. ખેડૂતોએ સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને પોતાની વ્યથા રજૂ કરી છે. તેમણે મોંઘા બિયારણ, દવાઓ અને મજૂરી પાછળ ખર્ચ કર્યો છે. પરંતુ જંગલી પ્રાણીઓના કારણે તેમની મહેનત પર પાણી ફરી વળ્યું છે. રામપરા ગામના ખેડૂત રમેશભાઈએ જણાવ્યું કે આ સમસ્યા માત્ર તેમના ગામમાં જ નહીં, પરંતુ મોટાભાગના ખેતીવાડી વિસ્તારમાં છે. તેમણે સરકાર પાસે વિશેષ પેકેજની માંગણી કરી છે. ખેડૂતો જંગલી ભૂંડ અને નીલગાયના ત્રાસમાંથી કાયમી મુક્તિ અથવા નક્કર પગલાંની માંગ કરી રહ્યા છે.

# ધોરણ-12 સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાનું 51.58 ટકા પરિણામ

**વિદ્યાર્થીઓનું** 48.45 ટકા અને વિદ્યાર્થીઓનું 57.6 ટકા પરિણામ

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જૂન-જુલાઈ 2025માં ધોરણ-12 સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ આજે 51.58 ટકા બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું હતું. ધોરણ-12 સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષામાં 40,865 પરીક્ષાર્થીઓ નોંધાયેલા હતા. જેમાંથી 33,731 ઉમેદવારોએ પરીક્ષામાં આપી હતી. તે પૈકી 17397 પરીક્ષાઓ ઉત્તીર્ણ થયા છે. આમ જૂન-જુલાઈની પૂરક પરીક્ષાનું સમગ્ર રાજ્યનું પરિણામ 51.58 ટકા આવ્યું છે. ધોરણ-12 સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષામાં 21495 વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી 10415 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતાં, છોકરાઓનુ કુલ પરિણામ 48.45 ટકા આવ્યું હતું. તેવી જ રીતે 12236 વિદ્યાર્થીનીઓએ પૂરક પરીક્ષા આપી હતી, જેમાંથી 6982 છોકરીઓ ઉત્તીર્ણ થતાં, છોકરીઓનું કુલ પરિણામ 57.06 ટકા આવ્યું હતું. આમ પૂરક પરીક્ષામાં છોકરીઓએ મેદાન માર્યું છે.

### BEST OF TWOમાં 66 પરીક્ષાર્થીઓના પરિણામમાં સુધારો

ફેબ્રુઆરી-માર્ચ 2025ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી BEST OF TWO લાભ સાથે પુરક પરીક્ષામાં 66 પરીક્ષાર્થીઓના પરિણામમાં સુધારો થયો ફેબ્રુઆરી-માર્ચ 2025ની ધોરણ-12 સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષામાં પાસ થયા હોય અને ચાલુ વર્ષે જૂન-જુલાઈ પૂરક પરીક્ષામાં બેસ્ટ ઓફ ટુ ના લાભ સાથે પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હોય તેવા 66 વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો જોવા મળ્યો હતો. ધોરણ-12 સામાન્ય પ્રવાહમાં બેસ્ટ ઓફ ટુ ના લાભ સાથે જૂન-જુલાઈ પૂરક પરીક્ષામાં નિયમિત 80 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં 64 વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો જોવા મળ્યો હતો. જ્યારે 16 પરિણામમાં કોઈ જ સુધારો થયો ન હતો.

### ધોરણ-10 પુરક પરીક્ષાનું આજે પરિણામ

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી જૂન-જુલાઈ 2025ની ધોરણ- 10ની પૂરક પરીક્ષાનું પરિણામ આવતીકાલ તારીખ 18 મી જુલાઈ 2025 ને સવારે 9:00 વાગે બોર્ડની વેબસાઈટ પર જાહેર કરાશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ આર આર વ્યાસે જણાવ્યું હતું કે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી જૂન-જુલાઈ 2025ની ધોરણ-10ની પરીક્ષાનું પરિણામ આવતીકાલ 18મી જુલાઈ 2025 ને સવારે 9-00 વાગે બોર્ડની વેબસાઈટ www.gseb.org પર જાહેર કરવામાં આવશે વિદ્યાર્થીઓ પોતાનો પરિણામ વોટ્સએપના માધ્યમથી પણ મેળવી શકશે.

## સુડોકુ ૬૨૭૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | ૫ | | ૬ | | ૩ | |
| | | | | | | | ૧ | ૬ |
| | ૬ | ૫ | ૩ | ૯ | | | ૨ | ૭ |
| ૪ | | | | ૩ | | | | ૯ |
| | ૫ | ૩ | ૮ | | | ૨ | ૬ | ૧ |
| | | ૭ | ૨ | | | | | ૪ |
| ૮ | | ૬ | | | | | ૯ | ૫ |
| ૨ | | | ૧ | ૬ | ૫ | ૮ | | ૩ |
| ૫ | | ૧ | ૯ | | ૩ | ૬ | ૪ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### દૂઝતા મસા

ભીમસેની કપૂર અડધો ગ્રામ લઇ પાકા કેળાની ટુકડીમાં મૂકી ગળી જવું. જરૂર હોય ત્યારે તો દિવસમા ત્રણ વાર લેવું. તેથી વધુ નહીં.

## શબ્દગુંફન - ૭૦૧૬

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. આંખનો અણસારો (૫)
૪. ગુજરાન માટે કરવાનો કામધંધો (૪)
૬. શોધ, તપાસ (૩)
૭. રોકવું, રોકાવું કે ગૂંગળાવું તે (૩)
૯. નવું, નવીન (૪)
૧૨. દુનિયા, વિશ્વ (૩)
૧૪. મકદૂર, તાકાત (૪)
૧૬. એક વનસ્પતિ (૫)
૧૯. અનાજનો કોઠાર (૩)
૨૦. વેપાર (૩)
૨૨. ઝટ, એકદમ (૩)
૨૪. પાણી, નીર (૨)
૨૫. તપેલું કે તપાવેલું (૨)
૨૬. માનવકુળના ઉત્પાદક એવા આદિ માનવ (૨)
૨૭. આપવું તે (૨)
૨૮. રહસ્ય (૨)
૨૯. સંમતિ, પરવાનગી (૨)
૩૦. તેજ, ભપકો (૩)
૩૧. વચન (૨)
૩૨. અક્કલ (૨)

**ઊભી ચાવી**

૧. વલોણાનું દોરડું (૩)
૨. હવા, વાયુ (૩)
૩. રાગ - આસક્તિ વિનાનું (૪)
૪. ચળકતું, જાહેર (૩)
૫. ગામઈ, ગામનું (૩)
૮. તોફાન, ઢોંગ (૩)
૧૦. મોં, ચહેરો (૩)
૧૧. વગરનું, વિનાનું (૩)
૧૨. નાણું (૨)
૧૩. ડર, ત્રાસ (૪)
૧૫. કેફ, અભિમાન (૨)
૧૫. દોષ, ખોડખાંપણ (૩)
૧૭. તૃપ્ત, ધરાયેલું (૨)
૧૮. ધૂંસરી સાથે બળદને જોડવાનો પટો (૩)
૧૮. તૃપ્ત, ધરાયેલું (૨)
૨૦. યુક્તિ, આંટો, લાગ (૨)
૨૧. સંભાળ, માવજત (૩)
૨૨. પાતળું, નાનું (૨)
૨૩. પુત્રી (૩)
૨૪. ઉગ્ર, આકરું (૩)
૨૬. પુરુષ (૨)
૨૭. કિંમત, મૂલ્ય (૨)
૨૮. નુકસાન, હાનિ (૨)
૨૯. પ્રેમ, આનંદ (૨)

## આજનું પંચાંગ

**તા. 18/07/2025, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** અષાઢ
**તિથિઃ** વદઃ આઠમ 17.3
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢઃ 27
**યોગ :** સુકર્મા **કરણઃ** તૈતિલ
**નક્ષત્ર :** અશ્વિની 26.14
**રાશિઃ** મેષ (અ.લ.ઇ.)
**દિવસ :** મિશ્ર- બુધ વક્રી 10.16
**સુરતમાં સૂર્યોદય :** 06:8 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:21
**નવકારસી :** 06:56
**પારસી વર્ષ :** 1394, સ્પેન્દારમદ માસનો 8મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, મોહરમ માસનો 22મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે 10:30 થી 12:00 સુધી

## આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** મનપસંદ ભોજનનો આનંદ મળે. પણ આરોગ્યનું ધ્યાન રાખવું પડશે. જીવનસાથીના આરોગ્યની ચિંતા સતાવે.

**વૃષભ (બ,વ,ઉ,):** નોકરી વગેરેના ઇન્ટરવ્યુમાં સફળતા મળે. જીવનસાથી સાથે કૌટુંબિક સમસ્યાનું સમાધાન થાય. આવક વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** શત્રુઓનો પરાજય થાય. હરીફો અને હિતશત્રુઓના કારણે નોકરીમાં પ્રભાવ વધે. નવી નોકરીના યોગ બને.

**કર્ક (ડ,હ,):** કાર્યસિદ્ધિથી ઉત્સાહ વધે. વિદ્યાર્થીઓને તક મળે. નવા રોકાણ લાભદાયક રહે. પ્રેમમાં સહકાર મળે.

**સિંહ (મ,ટ,):** ધંધા વ્યવસાયની યોજના પાર પડે. આવક વધે. ઉત્સાહજનક સમાચાર મળે. પ્રવાસમાં મિલન મુલાકાત થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** ભાઇબહેનો સાથે નવા ધંધા વેપારની યોજના બને. નોકરી માટે નવી તક ઊભી થાય.

**તુલા (ર,ત,):** નવા ફેરફાર કાર્યસ્થળ પર આવી શકે છે. નોકરીમાં પ્રગતિ થાય. સમાજમાં પ્રતિષ્ઠા વધે. આવક વધે.

**વૃશ્ચિક (ન,ય,):** નોકરીમાં હિતશત્રુઓથી પરેશાની આવી શકે છે. નોકર-ચાકરથી સાવધાન રહેવું. ખર્ચા વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ધર્મ-કર્મ, પૂજા પાઠથી શાંતિ મળે. નવા રોકાણ થાય. પ્રેમમાં પ્રપંચનો અનુભવ થાય. ધીરજ રાખવી.

**મકર (ખ,જ,):** નોકરી ધંધાર્થે પ્રવાસમાં મિલન મુલાકાત થાય. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. મન અશાંત રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** દલાલીની આવક વધે. ટ્યુશન, ટેકનોલોજીને લગતાં કામ થાય. નોકરીમાં પ્રમોશન થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** મોજશોખ, દલાલી, શિક્ષણ, ખાણીપીણીના ધંધામાં આવક વધે. અચાનક સફળતા મળે.

### કોઇ પણ સાલમાં 18 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધા વ્યવસાયમાં નવા ફેરફાર થાય અને જવાબદારી વધે. નોકરીમાં પ્રમોશન અને સ્થાનફેર થાય. સાથે હરીફો અને હિતશત્રુઓ વધે અને પરેશાની વધે. આરોગ્ય માટે સામાન્ય રહે પણ વડીલોના આરોગ્યના ખર્ચા વધશે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. નવા ધંધા વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. નોકરીમાં સરકારી જવાબદારી વધે. ઉંમરલાયકના વિવાહ થાય. સરકારી નોકરિયાતોની જવાબદારી સાથે બદલી થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહેશે. વિદ્યાર્થીઓની મહેનત વધે. વિદેશનાં કામ ધીમાં પડે. સરકારી નોકરીની તક મળે. નવા ઘર, વાહન, મકાન, મિલકત, વારસા, જાયદાદ, જમીન જેવા પ્રશ્નો ચડતીપડતી સાથે પાર પડે. સંતાનોના કામમાં મિત્રોની મદદ મળે. માર્ચ-એપ્રિલ તથા ઓક્ટોબર-નવેમ્બરમાં ભાગ્યનો સાથ મળે. ડિસેમ્બર-જાન્યુઆરીમાં નવા ફેરફારથી દોડધામ, જવાબદારી વધશે.

# રાજ્યની સમરસ છાત્રાલયોમાં ૧૬,૫૯૭ વિદ્યાર્થીઓના પ્રવેશનું પ્રથમ લિસ્ટ જાહેર

ગાંધીનગર : ગાંધીનગર ખાતેથી રાજ્યની ૧૬૧ સરકારી-સમરસ છાત્રાલયમાં નવા સત્રમાં પ્રવેશ મેળવનાર કુલ ૧૬,૫૯૭ વિદ્યાર્થીઓની ઓનલાઈન મેરીટ યાદી પ્રસિદ્ધ કરાઈ હતી. આજે વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ-એમાં નવા સત્રમાં અરજી કરનાર વિદ્યાર્થીઓ સિવાયના તમામ વિદ્યાર્થીઓની પ્રથમ રાઉન્ડની યાદી જાહેર કરવામાં આવી છે. આ મેરીટ યાદીમાં અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળ ૮૦ છાત્રાલયોના ૨,૨૩૧ કુમાર અને ૧,૬૭૧ કન્યા મળીને કુલ ૩,૯૦૨ વિદ્યાર્થીઓ તેમજ વિકસતી જાતિ કલ્યાણ હેઠળ ૫૮ છાત્રાલયોના ૧,૮૫૫ કુમાર અને ૯૬૫ કન્યા મળીને કુલ ૨,૮૨૦ વિદ્યાર્થીઓની પસંદગી કરાઈ છે. આ ઉપરાંત સમરસ છાત્રાલય સોસાયટી હેઠળના ૨૩ છાત્રાલયોના ૫,૩૨૨ કુમાર અને ૪,૫૫૩ કન્યા મળીને ૯,૮૭૫ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. પસંદગી પામેલા વિદ્યાર્થીઓને જરૂરી દસ્તાવેજોનું વેરિફિકેશન કરી વર્ષ ૨૦૨૫-૨૬ માટે છાત્રાલયોમાં પ્રવેશ આપવામાં આવશે. આજે મેરીટ યાદીમાં પસંદગી પામનાર વિદ્યાર્થીઓને મોબાઈલમાં SMS માધ્યમથી જાણકારી આપવામાં આવી છે.

# ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ તરીકે અમિત ચાવડાને રિપીટ કરાયા

**ડૉ તુષાર** ચૌધરીની વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તરીકે નિમણૂક

ગાંધીનગર : વિસાવદર અને કડી બેઠકમાં કોંગ્રેસના પરાજય બાદ તત્કાલીન પ્રદેશ પ્રમુખ શિક્તસિંહ ગોહિલે પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ પદેથી રાજીનામુ આપી દીધુ હતું. હવે ગુજરાત કોંગ્રેસમાં ધરખમ ફેરફાર આવી રહ્યાં છે. આજે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ પદે પાર્ટીના આંકલાવના સીનીયર ધારાસભ્ય અમીત ચાવડાની ફરીથી ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ પદે નિમણૂક કરી છે. જ્યારે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તરીકે ડો. તુષાર ચૌધરીની નિમણૂક કરાઈ છે.

ગત 10 જુલાઈએ ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતાઓને દિલ્હી બોલાવવામાં આવ્યા હતા. આ બેઠકમાં પ્રદેશ પ્રમુખના નામ માટે ચર્ચા કરવામાં આવી હતી. તે પછી ચર્ચાના અંતે આજે અમિત ચાવડાની પ્રદેશ પ્રમુખ તરીકે જાહેરાત કરવામાં આવી હતી. 30 વર્ષથી સત્તામાં આવવા માટે સંઘર્ષ કરી રહેલી કોંગ્રેસે ફરી જૂના ચહેરા જ મેદાનમાં ઉતાર્યા હતા, જેમાંથી અમિત ચાવડા ઓબીસી અને તુષાર ચૌધરી આદિવાસી ચહેરો છે.

અમીત ચાવડા 2004માં બોરસદથી પહેલી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે 2007માં બોરસદ , 2012, 2017 અને 2022માં તેઓ આણંદ જિલ્લાની આંકલાવ બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે. 2018થી 2021 દરમ્યાન તેઓ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ તરીકે જવાબદારી સંભાળી ચૂક્યા છે. ગુજરાતમાં 2022ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને માત્ર 17 બેઠકો મળી હતી. પાર્ટીએ અમિત ચાવડાને વિધાનસભામાં પક્ષના નેતા બનાવ્યા હતા. અમિત ચાવડા આ પહેલા વિધાનસભામાં ઉપદંડક અને દંડકની જવાબદારી પણ સંભાળી ચૂક્યા છે.

### ડૉ તુષાર ચૌધરીને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાની જવાબદારી

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ખેડબ્રહ્માથી ધારાસભ્ય અને આદિવાસી નેતા તુષાર ચૌધરીને વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતાની જવાબદારી સોંપી છે. તુષાર ચૌધરી એક અનુભવી નેતા છે. તુષાર ચૌધરી કેન્દ્ર સરકારમાં રાજય મંત્રી પણ રહી ચૂક્યા છે. તુષાર ચૌધરી પ્રથમવાર 2002મા વ્યારાથી ચૂંટણી જીતી ગુજરાત વિધાનસભા પહોંચ્યા હતા. ત્યારબાદ 2004મા માંડવી મતવિસ્તારમાંથી લોકસભાના સાંસદ બન્યા હતા. 2009મા તુષાર ચૌધરીએ બારડોલી લોકસભા બેઠક પરથી જીત મેળવી હતી. 28 મે 2009થી 28 સપ્ટેમ્બર 2012 સુધી કેન્દ્રમાં આદિવાસી બાબતોના રાજ્યમંત્રી રહ્યા હતા. ત્યારબાદ માર્ગ પરિવહન અને ધોરીમાર્ગના રાજ્યમંત્રી બન્યા હતા. 2022ની વિધાનસભામાંથી તેમણે ખેડબ્રહ્મા વિધાનસભા બેઠક પરથી વિજય મેળવ્યો હતો.

# અમદાવાદ અને સુરતને રાષ્ટ્રપતિ દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ એવોર્ડ મળ્યો

**10 લાખથી** વધુની વસ્તી હોય તેવા શહેરોમાં અમદાવાદ દેશનું સૌથી સ્વચ્છ શહેર છે

ગાંધીનગર : કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ એવોર્ડની આજે જાહેરાત કરવામાં આવી છે. સ્વચ્છતા એવોર્ડમાં ગુજરાતના શહેરોનો પણ દબદબો જોવા મળ્યો છે. 10 લાખથી વધુની વસ્તી ધરાવતા શહેરોમાં અમદાવાદે બાજી મારી છે. નોંધનીય છે કે 2015મા અમદાવાદ 15માં સ્થાને હતું, હવે નંબર વન બની ગયું છે. દેશના સૌથી સ્વચ્છ શહેરોમાં મધ્યપ્રદેશનું ઈન્દોર સતત આઠમી વખત ભારતનું સૌથી સ્વચ્છ શહેર બન્યું છે. આ યાદીમાં ગુજરાતનું સુરત બીજા સ્થાને છે. દિલ્હીમાં આજે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ અને મેયર સહિતના અધિકારીઓએ રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ મેળવ્યો હતો. સ્વસ્છતા સર્વેક્ષણ એવોર્ડમાં ગુજરાતના અમદાવાદ, સુરત અને ગાંધીનગરને એવોર્ડ મળ્યો છે. ગુજરાતના સૌથી મોટા શહેર અમદાવાદને 10 લાખથી વધુની વસ્તી હોય તે કેટેગરીમાં એવોર્ડ મળ્યો છે. 10 લાખથી વધુની વસ્તી હોય તેવા શહેરોમાં અમદાવાદ દેશનું સૌથી સ્વચ્છ શહેર છે. આ સિવાય સુરત દેશમાં બીજા નંબરની સૌથી સ્વચ્છ શહેર છે. પાટનગર ગાંધીનગરને સુપર સ્વચ્છ લીગ હેઠળ 3 લાખથી 10 લાખની વસ્તી હોય તે શ્રેણીમાં પુરસ્કાર મળ્યો છે. પાટનગરને આ એવોર્ડ મળતા કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે એવોર્ડ સ્વીકાર્યો હતો.